# રાજકીય રીતે થતા ઉપવાસમાં ગાંધીજી શું કહે છે?

સોનમ વાંગચુંક દિલ્હીમાં છેલ્લા 20 દિવસથી ઉપવાસ પર છે અને હવે તેમની તબિયત લથડી રહી છે. આ લેખ લખાઈ રહ્યો છે ત્યારે દિલ્હી હાઈકોર્ટે કેન્દ્ર સરકારને સૂચન કરી દીધું છે કે સોનમ વાંગચુંકના સ્વાસ્થ્ય પર સતત નજર રાખવામાં આવે અને એવું પણ કહ્યું છે કે સોનમ વાંગચુંકનું જીવન બચાવવા માટે જે કંઈ કરવું પડે તે કરો. લાંબા ઉપવાસને લઈને સોનમ વાંગચુંકની આ સ્થિતિ થઈ છે અને આપણા દેશમાં આંદોલનના સંદર્ભે ઉપવાસ



**શાસકો સામે ઉપવાસ કરવાની રીતની શરૂઆત ગાંધીજીએ કરી હતી અને ત્યારબાદ દેશમાં તેનું ચલણ વધ્યું હતું**

કરવાનું વલણ રહ્યું છે. સામાન્ય જનમાનસમાં આસ્થાથી ઉપવાસની પ્રથા જોડાયેલી છે; પરંતુ જ્યારે સરકાર સામે કોઈ માંગણી હોય કે પછી સરકાર પ્રત્યે નારાજગી વ્યક્ત કરવાની હોય, ત્યારે પણ ઉપવાસ કરવામાં આવ્યા છે. શાસકો સામે ઉપવાસ કરવાની રીતની શરૂઆત ગાંધીજીએ કરી હતી અને ત્યારબાદ દેશમાં તેનું ચલણ વધ્યું હતું. જોકે ગાંધીજીના ઉપવાસ માત્ર શાસકો સામે નહોતા; તેમના મોટાભાગના ઉપવાસ પોતાની, કુટુંબીજનો કે સાથીમિત્રોની અશુદ્ધિઓના પશ્ચાત્તાપરૂપે થતા હતા. ઉપવાસ અંગેનું તેમનું ચિંતન ખૂબ ઊંડું છે અને તે અનેક વખત ટાંકવામાં પણ આવે છે.

જાહેર જીવનમાં કોઈ માંગણી અર્થે ઉપવાસની વાત આવે ત્યારે જેમનું નામ અચૂક લેવું પડે તે પોટ્ટી શ્રીરામમુલુ છે. આઝાદીના લડવૈયા અને ગાંધીજીથી ખાસ્સા પ્રભાવિત પોટ્ટી શ્રીરામમુલુ આઝાદીની અનેક લડતોના હિસ્સા રહ્યા હતા. 1952માં તેમણે 58 દિવસના ઉપવાસ કર્યા હતા. આ ઉપવાસમાં તેમની માંગણી આંધ્ર પ્રદેશ રાજ્યના નિર્માણની હતી. તે સમયે આંધ્ર પ્રદેશનો વિસ્તાર મદ્રાસ રાજ્યમાં આવતો હતો. આઝાદી મળ્યાના પાંચ વર્ષ પછી, ઓક્ટોબર 1952માં તેમણે પોતાની આ માંગણી સાથે ઉપવાસ શરૂ કર્યા હતા. હાલમાં જેમ સોનમ વાંગચુંકના કિસ્સામાં થયું તેમ પોટ્ટી શ્રીરામમુલુના આંદોલન તરફ પણ શરૂઆતમાં મર્યાદિત લોકોનું જ ધ્યાન ગયું હતું. જેઓ આંધ્ર પ્રદેશનું નિર્માણ ઈચ્છતા હતા તેઓ પણ શરૂઆતમાં ખુલ્લેઆમ તેમની સાથે જોડાયા નહોતા. પરંતુ દિવસો પસાર થતાં આંદોલન ઉગ્ર બનતું ગયું. તેમ છતાં કેન્દ્રમાં તે વખતની જવાહરલાલ નેહરુની સરકારે આંધ્ર પ્રદેશના નિર્માણ અંગે કોઈ બાંયધરી આપી નહોતી. આખરે 58મા દિવસે લાંબા ઉપવાસના કારણે તેમની તબિયત વધુ લથડી અને તેમનું અવસાન થયું. ત્યારબાદ લોકોએ સરકારની ઈમારતોને આગ ચાંપી, આંદોલન હિંસક બન્યું અને અરાજકતા ફેલાઈ. આખરે થોડા દિવસ પછી તત્કાલીન વડા પ્રધાન જવાહરલાલ નેહરુએ આંધ્ર પ્રદેશ રાજ્યના નિર્માણની જાહેરાત કરી હતી.

પોતાના અધિકારો માટે ઉપવાસ કરવાની એક ઘટના 'હિંદુસ્તાન સોશિયાલિસ્ટ રિપબ્લિકન એસોસિયેશન' સાથે જોડાયેલા જતિન્દ્રનાથ દાસની પણ છે. તેઓ ક્રાંતિકારી હતા અને જ્યારે બ્રિટિશ શાસન દરમિયાન તેમને જેલવાસ થયો ત્યારે તેમણે જેલના બંદીઓના અધિકારોની માંગણી સાથે 63 દિવસ સુધી ઉપવાસ કર્યા હતા. તેઓ શહીદ થયા ત્યારે તેમની ઉંમર માત્ર 24 વર્ષની હતી. હાલમાં જેમ સોનમ વાંગચુંક ઉપવાસ કરી રહ્યા છે, તે જ રીતે સરકાર સામે 2011માં એક્ટિવિસ્ટ અન્ના હજારે પણ 13 દિવસના ઉપવાસ પર બેઠા હતા. અન્ના હજારેના આંદોલન દરમિયાન સમગ્ર દેશનું ધ્યાન ભ્રષ્ટાચાર વિરોધી લડત તરફ ખેંચાયું હતું. ત્યારબાદ અરવિંદ કેજરીવાલનો રાજકીય ઉદય થયો. ઉપવાસની વાત આવે ત્યારે દેશના પૂર્વોત્તર ભાગના ઈરોમ શર્મિલાનું નામ પણ યાદ આવે છે. તેમણે સશસ્ત્ર દળોને આપવામાં આવેલા વિશેષ અધિકાર કાયદા (AFSPA) ને હટાવવાની માંગણી સાથે 16 વર્ષ સુધી અન્નનો ત્યાગ કર્યો હતો. એ જ રીતે નર્મદા બંધથી અસરગ્રસ્તોને યોગ્ય વળતર મળે તે માટે મેધા પાટકરે પણ અનેક વખત ઉપવાસ કર્યા હતા.

**ઈન સાઈડ આઉટ સાઈડ**
કિરણ કાપૂરે

જોકે વિરોધના માધ્યમ તરીકે ઉપવાસની વાત આવે ત્યારે તેને આપણા દેશના આંદોલનો સાથે જોડી દેવામાં આવે છે; પરંતુ 'બીબીસી' અંગ્રેજીમાં સૌતિક બિશ્વાસના અહેવાલ મુજબ વિરોધ માટે ઉપવાસ કરવો માત્ર ભારતમાં જ નહીં, પરંતુ વિશ્વભરમાં પણ પ્રચલિત છે. અહેવાલમાં નૃવંશવિજ્ઞાની સાયન્તન સહા રોયનું કહેવું ટાંકવામાં આવ્યું છે. તેમણે 'પોલિટિક્સ ઑફ ફાસ્ટિંગ' વિષય પર અભ્યાસ કર્યો છે. તેમના કહેવા મુજબ, "ભારતમાં જ્યારે સરકાર કોઈ પણ રીતે પ્રતિસાદ આપતી નથી, ત્યારે વિરોધ કરનારાઓ માટે ઉપવાસ જ એવો માર્ગ રહે છે, જેના કારણે સરકારને કાર્યવાહી કરવાની ફરજ પડી શકે."

ઉપવાસ વિશે અને તેનાથી ઊભા થતા પ્રશ્નો અંગે ગાંધીજીએ ખૂબ લખ્યું છે. તેમના લખાણોમાંથી ઉપવાસ અંગેની કેટલીક પુસ્તિકાઓ પણ પ્રકાશિત થઈ છે. 'હરિજનબંધુ'માં 5 ઑગસ્ટ, 1933ના રોજ પ્રકાશિત થયેલા એક લેખમાં તેઓ લખે છે: "ઉપવાસની ઉપયોગિતા અથવા આવશ્યકતા એક વાર સ્વીકારાઈ એટલે ઉપવાસ અકુદરતી છે કે પોતાના શરીર પ્રત્યે હિંસા છે એવી દલીલમાં દમ રહેતો નથી. બગડેલી તબિયત સુધારવા માટે ઉપવાસ કરવામાં જેમ કશું અકુદરતી નથી અથવા એમાં પોતાની જાતને રિબાવવાનો ગુનો થતો નથી, તે જ પ્રમાણે પોતાની અથવા બીજાની હૃદયશુદ્ધિને અર્થે કરેલા ઉપવાસને પણ સમજવો જોઈએ."

રાજકીય સંદર્ભે થયેલા ઉપવાસ વિશેના અભ્યાસીઓએ ગાંધીજીને વારંવાર ટાંક્યા છે અને તેથી તેમના વિચારો જાણવું જરૂરી બને છે. 22 સપ્ટેમ્બર, 1924ના રોજ 'મારા ઉપવાસ' શીર્ષક હેઠળ લખેલા લેખમાં તેઓ લખે છે: "હું એટલી ખાતરી શરૂઆતમાં જ આપવા ઈચ્છું છું કે મેં જે ઉપવાસ લીધા છે તે ઊંડો વિચાર કર્યા વગર લીધા નથી. ખરું જોતાં અસહકારનો જન્મ થયો તે દિવસથી જ મારી જિંદગી સોગઠી બની રહી છે. મેં આંધળિયા કર્યા નથી. આમાં રહેલા જોખમની મને સંપૂર્ણ ચેતવણી હતી... મારો ઉપવાસ કોઈની સામે ક્રોધ કે દ્વેષમાંથી જન્મ પામ્યો નથી."

1943માં આગાખાન મહેલમાં ગાંધીજીએ 21 દિવસના ઉપવાસ કર્યા હતા. તે સમયે તેઓ રાજકીય કેદી તરીકે પુનાના આગાખાન મહેલમાં હતા. રાજકીય પરિસ્થિતિના વિરોધરૂપે તેમણે આ ઉપવાસની જાહેરાત કરી હતી. આ પહેલાં તેમણે તત્કાલીન વાઈસરોય લોર્ડ લિનલિથગોને પત્ર લખીને જણાવ્યું હતું: "હવે મારી વ્યથાનું નિવારણ જો તમારી પાસેથી મને ન જ લાધવાનું હોય તો મારે સત્યાગ્રહીના આખરી ધર્મને આચરીને મારું સાંત્વન મેળવવું રહ્યું, એટલે કે મારે યથાશક્તિ ઉપવાસ કરવો. તા. 9 ફેબ્રુઆરીની વહેલી સવારના નાસ્તા પછી હું 21 દિવસનો ઉપવાસ આદરીશ, જે તા. 2 માર્ચની સવારે પૂરો થશે. ઉપવાસ દરમિયાન મારો હંમેશનો શિરસ્તો મીઠું નાંખેલું પાણી પીવાનો રહ્યો છે. પરંતુ હાલ મારું શરીર નર્યું પાણી લઈ શકતું નથી, તેથી તેને પી શકાય તેવું કરવા માટે આ વખતે તેમાં સાઇટ્રસ ફળનો રસ ઉમેરવા માંગુ છું. મારી ઈચ્છા આમરણ ઉપવાસ કરવાની નથી, પરંતુ ઈશ્વરેચ્છા હશે તો અગ્નિપરીક્ષામાંથી પસાર થઈને જીવવાની છે. સરકાર જરૂરી રાહત આપીને અવધિ પહેલાં આ ઉપવાસ પૂરો કરાવી શકે છે." ત્યારબાદ ગાંધીજીએ 21 દિવસના ઉપવાસ સફળતાપૂર્વક પૂર્ણ કર્યા હતા. આ ઉપરાંત દેશને આઝાદી મળ્યા પછી દેશમાં ફેલાયેલા કોમી દાવાનળને શાંત કરવા માટે પણ તેમણે ઉપવાસ કર્યા હતા. હાલમાં સોનમ વાંગચુંક ઉપવાસ દ્વારા સરકાર પર દબાણ લાવવાનો પ્રયાસ કરી રહ્યા છે.

જોકે હજુ સુધી સરકારે તેમની માંગણીઓને ગંભીરતાથી સાંભળી નથી. તેમની તબિયત દિવસેને દિવસે બગડી રહી છે. આ લેખ લખાઈ રહ્યો છે ત્યારે તેમનું વજન આશરે સાડા નવ કિલોગ્રામ ઘટી ગયું છે અને દિલ્હી હાઈકોર્ટે પણ આ મુદ્દે સરકારને જરૂરી નિર્દેશ આપ્યા છે. ઉપવાસના શાસ્ત્ર અને તેના સામાજિક-રાજકીય અર્થ અંગે હજુ પણ ઘણું લખી અને ચર્ચી શકાય તેમ છે.



# મુજ સમ મતલબી ના કોઈ: સ્વાર્થ વિના વ્યર્થ સઘળું

**ટાઇટલ્સ:**
**અવગુણ કબૂલવા જેવો કોઈ ગુણ નથી. (છેલવાણી)**

એક એવી પણ અજીબ કથા છે કે જ્યારે ઈશુ ખ્રિસ્તને શૂળી પર ચઢાવવામાં આવી રહ્યા હતા ત્યારે એક માણસ પોતાના દાંતના દુઃખાવા માટે ઈશ્વરને કોસતો હતો! આ છે માનવ ઈતિહાસમાં મતલબી હોવાની પરાકાષ્ઠા.

ઓફ કોર્સ, માન્યું કે 'સ્વાર્થી હોવું' એક અવગુણ છે, પણ જાલિમ જગતમાં સ્વાર્થી કોણ નથી? . ઓફિસમાં પ્રમોશન મેળવવાથી માંડીને ટ્રેનમાં વિન્ડો સીટ મેળવવા સુધી આપણને વારંવાર સ્વાર્થી બનવું પડતું હોય છે. ઈન શોર્ટ, 'કામ કઢાવવા સ્વાર્થી બનવું પડે તો બની જવાનું' – એવી ફિલોસોફી જગતમાં 90 ટકા લોકો અપનાવે છે; બાકીના 10 ટકા લોકો જનમ્યા જ નથી.

એક માણસ ગર્લફ્રેન્ડને લઈને લગ્ન કરવા ચર્ચમાં જાય છે. ગર્લફ્રેન્ડે પૂછ્યું, "લગ્ન પહેલાં એટલું કહે કે તારી પહેલી પત્નીનું શું થયું?"

"મેં એને મારી નાખી." પેલાએ ઠંડકથી કહ્યું.

"વોટ? પણ કેમ?"

"મને પૂરેપૂરો શક હતો કે એ બેવફાનું બીજે ક્યાંક લફરું ચાલી રહ્યું હતું."

"તો શું કાલે તને મારા પર શક જાય તો તું મને પણ મારી નાખશે?"

"એટલે? વફાદારી જેવી કોઈ ચીજ જ નથી જગતમાં? બોલ, જવાબ દે!" પેલાએ ભડકીને સ્ત્રીનું ગળું ઝાલીને કહ્યું.

છે ને કમાલનો માણસ? પણ આખી વાતના મૂળમાં એમ છે કે 'મારા સિવાય કોઈ નહીં' – એવો મતલબી વિચાર.

**અબીલ ગુલાલ**
જયવંત પંડયા

રોજબરોજની લાઈફમાં સ્વાર્થી બનવાની સૌથી નાજુક ઘડી છે: 'ટ્રાફિક જામ'. ટ્રાફિકમાં ગાડી ચલાવતી વખતે આપણે બધાં ક્યારેક ને ક્યારેક તો સખત સ્વાર્થી બની જ જતા હોઈએ છીએ. ટ્રાફિકમાં ફસાયા હોઈએ ત્યારે ખાસ તો આપણી આગળની ગાડીઓવાળા પર અચૂક ભડકીએ છીએ, કારણ કે આપણે જ્યાં પણ પહોંચ્યા હોઈએ છીએ એનાથી આપણે ક્યારેય ખુશ નથી હોતા. આપણને થાય કે હું જ સૌથી આગળ કેમ નહીં? ઘણા તો કાચ બંધ હોય તો પણ આગળવાળો 'અંતર્યામી' હોય એમ બરાડા પાડે: "હટ બે... નીકળ નકામા!" પણ એકવાર જેવા તમે ટ્રાફિકમાંથી આરપાર નીકળી જાવ તો તમને ટ્રાફિક જરાય નહીં લાગે. ટ્રાફિક માંથી સૌથી પહેલાં નીકળી જવાનો સૌને જન્મજાત સ્વાર્થ હોય છે.

જ્યારે એમ્બ્યુલન્સને રસ્તો આપવાનો હોય ત્યારે આપણામાં અચાનક એકદમ માનવતા જાગી ઊઠે છે ને આપણે રસ્તો કરી આપીએ છીએ... પણ એમાં પણ આપણામાંથી ઘણાં લોકો એમ્બ્યુલન્સને રસ્તો આપવાના બહાને એમ્બ્યુલન્સની પાછળ-પાછળ ફટાફટ નીકળી જવાના પેંતરા અજમાવે છે. આમાં સેવા ને સ્વાર્થનું કમીનું કોમ્બિનેશન છે.

**ઇન્ટરવલ:**
**તુમ અગર મુઝકો ના ચાહો તો કોઈ બાત નહીં,**
**તુમ કિસી ઔર કો ચાહોગી તો મુશ્કિલ હોગી!**
**(સાહિર)**

વળી આપણે દાંતના ડૉક્ટર પાસે 'નર્વસાત્મક દશા'માં દાંતનું ખોદકામ કરાવવા જતા હોઈએ ત્યારે તો આપણા સ્વાર્થનો ક્લાઈમેક્સ આવે છે. બરોબર ત્યારે જ સિગ્નલ પર આગળની ગાડીવાળો સિગ્નલ લીલું થાય તો પણ હલે નહીં, ત્યારે હલતા દાંતને કચકચાવીને આપણે મનમાં કહેતા હોઈએ છીએ કે, "ચાલ, ચાલ... ફોન પર ધંધો પછી. પહેલાં ડ્રાઈવ કર, ડફોળ!" તમે એ માણસને એક સેકન્ડ અગાઉ જોયો પણ નથી, છતાં પણ તમે એને ઈન્સ્ટન્ટ નફરતની નજરથી જોવા માંડશો. પછી એનાથી આગળ નીકળી જતાં પણ પાછળ વળીને એને ઘૂર્યા કરશો, કારણ કે એ અજાણ્યો માણસ તમારા

**જો કે મતલબી હોવાની એક ખૂબી એ છે કે આપણે જેને પ્રેમ કરીએ છીએ કે જે નજીકના છે એમની સાથે જ સ્વાર્થી બનીએ છીએ એવું નથી; આપણે કોઈની પણ સાથે સ્વાર્થી થઈ શકીએ છીએ**

સ્વાર્થ વચ્ચે આડો આવેલો.

કોઈ સ્વાર્થી માણસ જીદે ચઢીને જેમ તેમ ગાડી ચલાવતો હોય ત્યારે બાજુમાં બેઠેલાની હાલત ગિરફ્તાર કેદી જેવી હોય છે. એકવાર પતિ-પત્ની લોંગ ડ્રાઈવ પર ગયા ત્યારે પત્નીએ પતિને કહ્યું, "હું ગાડી ચલાવું?"

પતિએ કહ્યું, "ના, હં... મારી ગાડી તો હું જ ચલાવીશ."

પત્નીએ કહ્યું, "પણ તું જે રીતે ચલાવે છે, એ જોતાં હું ગાંડી થઈ જઈશ."

"એક જ માણસ બે વખત પાગલ ના થાય!" આવું ઈન્સલ્ટ કરીને પણ પેલા મતલબીએ પોતાની ગાડી તો પોતે જ ચલાવી ને આગળ જઈને ઠોકી!

દુનિયામાં ઘણાં લોકો સ્વાર્થી હોવાની સાથોસાથ સ્વ-કેન્દ્રિત પણ હોય છે. સતત સેલ્ફ-સેન્ટર્ડ હોવું એ એક રંગીન ને ગમગીન રોગ છે. એક બહુ જ જાણીતા ગાયક બ્રિજબિહારી (નામ કાલ્પનિક) કમાલના મૂર્ખ ને સ્વ-કેન્દ્રિત હતા, જેમને કાયમ પોતાનું નામ લઈને વાત કરવાની આદત હતી! પોતે જાણે કોઈ ત્રીજી જ વ્યક્તિ હોય એમ, "બ્રિજબિહારીનો આજે મૂડ નથી" કે "બ્રિજબિહારી આજે બિઝી છે," એમ હંમેશાં પોતાનું નામ પોતે જ લઈને વાતો કરે.

એકવાર મિત્રો સાથે મુંબઈ રેડિયો પર કાર્યક્રમમાં ગાવા જઈ રહ્યા હતા. મુંબઈના પરાં અંધેરી સ્ટેશન પર એમની સાથે થોડા સાજિંદાઓ જોડાયા. પ્લેટફોર્મ પર લોકલ ટ્રેન આવી, જે ખચોખચ ભરેલી હતી. એટલે એમણે કહ્યું, "બ્રિજબિહારી આમાં નહીં જાય." બીજી ટ્રેન પણ ભરેલી આવી તો એમણે ફરીથી કહ્યું, "બ્રિજબિહારી આમાં પણ નહીં જાય!"

સાથેના સાજિંદાઓમાંથી એક સાજિંદો બ્રિજબિહારીને ઓળખતો નહોતો. એટલે જ્યારે ભીડભરી ત્રીજી ટ્રેન આવી અને જેવું બ્રિજબિહારીએ ના પાડવા મોં ખોલ્યું કે પેલાએ તરત કહ્યું, "એ બ્રિજબિહારી ગયો તેલ લેવા! હું તો જઈશ... નહીં તો કાર્યક્રમમાં પહોંચાશે નહીં તો પૈસા કોણ આપશે? બ્રિજબિહારીનો બાપ?"

એ સમયે સેલ્ફ-સેન્ટર્ડ બ્રિજબિહારીનું બાંકું મોં જોવા જેવું હતું. એમનો એ ચહેરો જોવાનું મન થાય તો ક્યારેક આયનો જોઈ લેજો.

**એન્ડ-ટાઇટલ્સ:**
**આદમ: મને ચાહે છે?**
**ઇવ: એ તો તારા જવાબ પર ડિપેન્ડ કરે ને?**

# 2026નો ફૂટબોલનો મહાકુંભ વિવાદોથી ખરડાયેલો રહ્યો

2026 ફિફા વર્લ્ડકપ મેદાનની અંદર અને બહાર અનેક હાઇ-પ્રોફાઈલ વિવાદોથી છવાયેલો રહ્યો છે, જેમાં કેટલાક વિવાદ તો ફૂટબોલના મુદ્દાઓથી ઘણા આગળ વધી ગયા અને રેફરીંગ, જાતિવાદ પણ ચગ્યા તો ફિફા પરના રાજકીય પ્રભાવની બાબત વૈશ્વિક તપાસ હેઠળ આવી ગઇ છે. ટુર્નામેન્ટે રોમાંચક નોકઆઉટ-સ્ટેજ ડ્રામા રજૂ કર્યો હોવા છતાં, મોટાભાગે ચર્ચાઓ વિવાદાસ્પદ કાર્યકારી નિર્ણયો, પક્ષપાતના આરોપો અને ફૂટબોલ અધિકારીઓ અને રાજકીય નેતાઓની ક્રિયાઓ પર કેન્દ્રિત રહી છે. યુએસ ફોરવર્ડ ફોલારિન બાલોગનના રેડ કાર્ડ બાદ તેના પર લાદવામાં આવેલા એક મેચના પ્રતિબંધને ફિફા દ્વારા રદ કરી દેવાતા સૌથી મોટો વિવાદ ફાટી નીકળ્યો, આ નિર્ણય યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને ફિફા પ્રમુખ ગિયાની ઈન્ફન્ટિનો વચ્ચેના સીધા સંપર્ક પછી લેવામાં આવ્યો હતો જેણે રમતમાં રાજકીય હસ્તક્ષેપ અંગે વ્યાપક પ્રશ્નો ઉભા કર્યા હતા.

**ખેલખેલમેં**

## બાલોગનનો રેડ કાર્ડ સસ્પેન્શન હટાવવાનો વિવાદ

બોસ્નિયા અને હર્ઝેગોવિના સામેના રાઉન્ડ-ઓફ-32માં અમેરિકાની જીતમાંસ ફોરવર્ડ ફોલારિન બાલોગનને સીધા રેડ કાર્ડ સાથે મેદાનની બહાર મોકલી દેવાયો હતો. રેડ કાર્ડ સામાન્ય રીતે એક મેચ માટે આપમેળે સસ્પેન્શન સાથે આવે છે. જોકે, ફિફાએ તેના થોડા કલાકો પછી જાહેરાત કરી કે બાલોગનના સસ્પેન્શનને એક વર્ષના પ્રોબેશનરી સમયગાળા માટે મુલતવી રાખવામાં આવ્યું છે, જેનાથી 25 વર્ષીય ફોરવર્ડ રાઉન્ડ ઓફ 16માં બેલ્જિયમ સામે રમી શક્યો હતો. ટ્રમ્પે સોમવારે પુષ્ટિ કરી કે તેમણે ઈન્ફન્ટિનો સાથે વાત કરી છે અને ફિફાને નિર્ણયની સમીક્ષા કરવા કહ્યું છે. ઈન્ફન્ટિનોએ પણ સ્વીકાર્યું કે તેમણે ટ્રમ્પ સાથે વાત કરી હતી, અને કહ્યું કે તેઓ નિયમિતપણે યુએસ રાષ્ટ્રપતિ, તેમજ વિશ્વભરના રાજ્યોના વડાઓ, સરકારી અધિકારીઓ, ફૂટબોલ હિસ્સેદારો અને બિઝનેસ એક્ઝિક્યુટિવ્સ સાથે ફિફા વર્લ્ડ કપ સંબંધિત બાબતોની ચર્ચા કરે છે. આ નિર્ણયની ફૂટબોલમાં તીવ્ર ટીકા થઈ

## આર્જેન્ટિના-ઇજિપ્ત મેચમાં VARનો વિવાદ

રાઉન્ડ ઓફ 16માં ઈજિપ્ત સામે આર્જેન્ટિનાના 3-2થી વિજય બાદ VARનો બીજો એક મોટો વિવાદ ફાટી નીકળ્યો. ઈજિપ્તે ડિફેન્ડિંગ ચેમ્પિયન આર્જેન્ટિના પર 2-0થી પ્રભુત્વ જમાવ્યું હતુ, પરંતુ અંતિમ તબક્કામાં ત્રણ ગોલ ગુમાવતા તે બહાર થઈ ગયું. મોટાભાગનો વિવાદ ઈજિપ્તના મુસ્તફા ઝિકોના બીજા હાફમાં કરેલા ગોલ પર કેન્દ્રિત હતો, જેને બિલ્ડઅપમાં ફાઉલ માટે વિડિઓ આસિસ્ટન્ટ રેફરીની સમીક્ષા પછી રદ કરવામાં આવ્યો હતો. ઈજિપ્તીયન ફૂટબોલ એસોસિએશને જણાવ્યું હતું કે ઘણી મુખ્ય ઘટનાઓએ રેફરીના નિર્ણયોની સુસંગતતા અને ન્યાયીતા અંગે ગંભીર ચિંતાઓ ઉભી કરી હતી, અને ઉમેર્યું હતું કે આ કોલ્સ રમતના માર્ગ પર સીધી અસર કરે છે. ઈજિપ્તના કોચ હોસમ હસને પાછળથી કહ્યું કે તેમની ટીમને અન્યાયી હારનો સામનો કરવો પડ્યો, અને દાવો કર્યો કે માર્કેટિંગ સપોર્ટના કારણે ડિફેન્ડિંગ ચેમ્પિયન આર્જેન્ટિના અને લિયોનેલ મેસીને ટુર્નામેન્ટમાં જાળવી રાખવામાં મદદ મળી.



**એક તરફ ફોલારિન બાલોગન સંબંધે રાજકીય વિવાદ, તો બીજી તરફ VAR નાટક અને રેફરીની ભુલો પણ આ વખતના ફિફા વર્લ્ડકપમાં છવાયેલી રહી અને તેમાં કેટલાક જાતિવાદી વિવાદો પણ ભળતા રમત કરતાં તેની ચર્ચાઓ વધુ થઇ**

## એમબાપ્પે વિરુદ્ધ જાતિવાદી ટિપ્પણીનો વિવાદ

એમ્બાપ્પેની પેનલ્ટી દ્વારા સીલ થયેલા પેરાગ્વે સામે ફ્રાન્સના 1-0 ના વિજય બાદ પેરાગ્વેના સેનેટર સેલેસ્ટે અમરિલા દ્વારા ફ્રાન્સના કેપ્ટન કિલિયન એમ્બાપ્પે વિશે જાતિવાદી ટિપ્પણીઓ કરવામાં આવ્યા બાદ ટુર્નામેન્ટને મેદાનની બહાર પણ એક મોટા કૌભાંડનો સામનો કરવો પડ્યો છે. અમરિલાએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર શ્રેણીબદ્ધ પોસ્ટ્સમાં એમ્બાપ્પે પર નિશાન સાધ્યું હતું, જેમાં તેના કેમરૂનિયન મૂળ, ઉછેર, દેખાવ અને શિક્ષણની મજાક ઉડાવવામાં આવી હતી. એક પોસ્ટમાં, તેમણે ફ્રેન્ચ કેપ્ટનને ફ્રેન્ચ હોવાનો ઢોંગ કરતા વસાહતીકૃત કેમરૂનિયન ગણાવીને અન્ય અપમાનજનક ટિપ્પણીઓ પણ કરી હતી.

એમબાપ્પેએ એક્સ પર વળતો પ્રહાર કરીને અમરિલાને એક ધિક્કારપાત્ર મહિલા અને તેના પદ માટે અયોગ્ય" ગણાવીને કહ્યું કે તે પેરાગ્વે અથવા દેશના ખેલાડીઓનું પ્રતિનિધિત્વ કરતી નથી, યુએન માનવાધિકાર કાર્યાલયે આ ટિપ્પણીઓને "ધિક્કારપાત્ર" ગણાવીને નિંદા કરીને ચેતવણી આપી કે વર્લ્ડકપમાં જાતિવાદી ઘટનાઓ ફૂટબોલ અને રમતગમતમાં વ્યાપક સમસ્યાને પ્રતિબિંબિત કરે છે.

## યજમાન દેશની રાજનીતિ, રેફરીના નિર્ણયોનો વિવાદ

વ્યક્તિગત ઘટનાઓ ઉપરાંત, વર્લ્ડકપને અમેરિકામાં ઈમિગ્રેશન અને વિઝાની ચિંતાઓ, યજમાન શહેરોમાં વિરોધ પ્રદર્શનો અને મેક્સિકોમાં સ્ટેડિયમ પ્રોજેક્ટ્સ સાથે જોડાયેલી મજૂર પરિસ્થિતિઓને કારણે પણ ટીકાઓનો સામનો કરવો પડ્યો છે.

નોકઆઉટ તબક્કા દરમિયાન રેફરીની સુસંગતતા એક બીજો વારંવાર આવતો વિષય રહ્યો છે, જેમાં VAR હસ્તક્ષેપ થ્રેશોલ્ડ, પેનલ્ટી નિર્ણયો, શિસ્તના ધોરણો અને ગંભીર ફાઉલ પ્લેના અર્થઘટન પર ધ્યાન કેન્દ્રિત કરતી ફરિયાદો રહી છે.

એકસાથે લેવામાં આવે તો, વિવાદોએ 2026ના વર્લ્ડકપને તાજેતરની સ્મૃતિમાં ટુર્નામેન્ટના સૌથી રાજકીય અને સામાજિક રીતે ચાર્જ થયેલા સંસ્કરણોમાંનો એક બનાવી છે.